**<u>મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના (ધોરણ ૯ થી ૧૨ માટે)</u>**

**<u>ઓનલાઈન રજીસ્ટ્રેશન / લોગ ઈન કરવા અંગેની વિગતવાર સુચનાઓ</u>**

---

મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજનાનું કામચલાઉ મેરીટ તૈયાર કરવા માટે **આ યાદીમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓને તા. ૦૭/૦૮/૨૦૨૩ના રોજ બપોરે ૧૪.૦૦ કલાકથી તા. ૧૪/૦૮/૨૦૨૩ ના રોજ રાત્રીના ૧૨.૦૦ કલાક સુધી વેબસાઈટ http//gssyguj.in પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા જણાવવામાં આવે છે.**

**<u>ઓનલાઇન અરજી માટેની સુચનાઓ</u>**

a) **http//gssyguj.in** પર લિંક ક્લિક કરી વેબસાઈટ ખોલવાની રહેશે. જેમાં વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન માટેની લીંક પર ક્લીક કરી આધાર યુઆઈડી (18 Digit CTS UID) લખવાનો રહેશે. આધાર યુઆઈડી લખ્યા બાદ આપનું પુરૂં નામ આવશે.

b) **ત્યાબાદ** મોબાઈલ નંબર લખવાનો રહેશે. મોબાઈલ નંબર લખ્યા બાદ આપના મોબાઈલ નંબર ઉપર **OTP** આવશે. જે **OTP** લખવાનો રહેશે. પછી પાસવર્ડ સેટ કરી કેપચા નાખવાથી આપનું રજીસ્ટ્રેશન સફળતાપૂર્વક થઈ ગયું છે તેવો મેસેજ વેબસાઈટ પર જોવા મળશે.

c) રજીસ્ટ્રેશન થઈ ગયા બાદ લોગ ઈનમાં જઈ આપનો આધાર યુઆઈડી અને જે પાસવર્ડ સેટ કરેલ તે લખવાથી લોગ ઈન કરવાનું રહેશે. લોગ ઈન થવાથી આપને આપનું પુરૂં નામ જોવા મળશે.

d) આ યોજના અંગેની પરીક્ષાના ફોર્મ ભરતી વખેત જો ખોટી જન્મ તારીખ દર્શાવી હોય તો લોગ ઈન ના ફોર્મમાં સાચી જન્મ તારીખ, કુમાર/કન્યા, આપની કેટેગરી(એસ.સી/એસ.ટી./ ઓબીસી/ જનરલ/) જેવી વિગતો લખવાની રહેશે.

e) આપના રહેણાકનો વિસ્તાર (**Urban/Rural**) પણ જોવા મળશે.

f) વિદ્યાર્થીએ ધોરણ-૧માં કયા પ્રકારની શાળામાં અભ્યાસ કરેલ છે ? (સરકારી/ગ્રાન્ટ ઈન એઈડ/**RTE Act,2009** હેઠળ ખાનગી શાળા) તે દર્શાવી ધોરણ-૮ સુધી નો સળંગ અભ્યાસ કરેલ છે તે અંગે જે શાળામાં ધોરણ- ૧ થી ૮ નો સળંગ અભ્યાસ કરેલ હોય તે અંગે તે શાળાનો યુડાયસ નંબર લખવાનો રહેશે યુડાયસ નંબર લખવાથી શાળાનું નામ આવશે.

g) RTE Act,2009 હેઠળ ખાનગી શાળામાં અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓએ ધોરણ-૧ માં RTE Act, 2009 અંતર્ગત નક્કી થયેલ નીચે મુજબની જે કેટેગરીમાં પ્રવેશ મેળવેલ હોય તે દર્શાવવાનો રહેશે. અને આ ૧૩ કેટેગરી પૈકી ક્રમ નં. ૮,૯,૧૧,૧૨, અને ૧૩ અન્વયે જે વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ હોય તેઓએ આવકનું તાજેતરનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર અપલોડ કરવાનું રહેશે.

૧. અનાથ બાળક

૨. સંભાળ અને સંરક્ષણની જરીયાતવાળું બાળક

૩. બાલગૃહના બાળકો

૪. બાળ મજૂર/સ્થળાંતરીત મજૂરના બાળક

૫. મંદબુધ્ધિ/સેરેબલ પાલ્સી ધરાવતા બાળકો, ખાસ જરૂરીયાતવાળા બાળકો/શારીરિક રીતે વિકલાંગ બાળકો ને વિકલાંગ ધારા -૨૦૧૬ ની કલમ ૩૪ (૧) માં દર્શાવ્યા મુજબના તમામ દીવ્યાંગ બાળકો

૬. (ART) એન્ટિ-રેટ્રોવાયરલ થેરપી (એઆરટી) ની સારવાર લેતા બાળકો

૭. ફરજ દરમિયાન શહિદ થયેલ લશ્કરી/અર્ધલશ્કરી/પોલીસદળના જવાનના બાળકો

૮. જે માતા-પિતાને એકમાત્ર સંતાન હોય અને તે સંતાન માત્ર દિકરી જ હોય તેવી દિકરી (અપલોડ આવકનું પ્રમાણપત્ર)

૯. રાજ્ય સરકાર હસ્તકની સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકો (અપલોડ આવકનું પ્રમાણપત્ર)

૧૦. ૦ થી ૨૦ આંક ધરાવતા તમામ કેટેગરી (SC/ST/SEBC/GENERAL તથા અન્ય) ના BPL કુટુંબના બાળકો

૧૧. અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ના બાળકો (અપલોડ આવકનું પ્રમાણપત્ર)

૧૨.સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ/અન્ય પછાત વર્ગના બાળકો (અપલોડ આવકનું પ્રમાણપત્ર)

૧૩.સામાન્ય કેટેગરી (બિન અનામત વર્ગ) ના બાળકો (અપલોડ આવકનું પ્રમાણપત્ર)

h) જે વિદ્યાર્થીઓ SC/ST કેટેગરીમાં આવતા હોય તેઓએ જાતિનું પ્રમાણપત્ર અપલોડ કરવાનું રહેશે.

i) ત્યારબાદ **Preview** માં આપના દ્વારા ભરેલ તમામ વિગતો જોવા મળશે અને **Save & Submit** કરવાથી આપની અરજી સબમીટ થઈ જશે. અને આપની અરજી સકળતાપૂર્વક સબમીટ થઈ ગયેલ છે તેવો મેસેજ વેબસાઈટ પર આવશે. ત્યારબાદ જો આપ આપની અરજીની પ્રિન્ટ કાઢવા માંગતા હોય તો **Print** આપવાથી આપની અરજીની પ્રિન્ટ પણ કાઢી શકાશે.

**અન્ય અગત્યની સૂચનાઓ**

1. મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપના તા. ૦૭/૦૬/૨૦૨૩ ના ઠરાવની જોગવાઈ મુજબ શાળામાં પ્રવેશ લેવાની તમામ જવાબદારી વિદ્યાર્થી/વાલીની અંગત રહેશે.
2. આ યોજનાના આખરી મેરીટમાં સમાવેશ થયેલ વિદ્યાર્થીઓ જે તે શાળામાં પ્રવેશ મેળવી તેઓના પ્રવેશની વિગતો અત્રેથી સુચવ્યા મુજબ ઓનલાઇન પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે.
3. આ યોજના અંતર્ગત જો વિદ્યાર્થીનો આખરી મેરીટ યાદીમાં સમાવેશ થાય અને તે ગુજરાત રાજ્યની કોઈપણ સરકારી માધ્યમિક શાળામાં ધોરણ-૯ માં પ્રવેશ મેળવેલ હોય તો નીચે મુજબ સ્કોલરશીપની રકમ મળવાપાત્ર થશે.

   **ધોરણ ૯ થી ૧૦ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૬,૦૦૦/-**

   **ધોરણ ૧૧ થી ૧૨ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૭,૦૦૦/-**
4. આ યોજના અંતર્ગત જો વિદ્યાર્થીનો આખરી મેરીટ યાદીમાં સમાવેશ થાય અને તે નિયામક શાળાઓની કચેરી દ્વારા પસંદ થયેલ અનુદાનિત શાળાની યાદીમાંની કોઈ શાળામાં ધોરણ-૯ માં પ્રવેશ મેળવેલ હોય તો નીચે મુજબ સ્કોલરશીપની રકમ મળવાપાત્ર થશે.

   **ધોરણ ૯ થી ૧૦ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૬,૦૦૦/-**

   **ધોરણ ૧૧ થી ૧૨ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૭,૦૦૦/-**
5. આ યોજના અંતર્ગત જો વિદ્યાર્થીનો આખરી મેરીટ યાદીમાં સમાવેશ થાય અને તે નિયામક શાળાઓની કચેરી દ્વારા પસંદ થયેલ ખાનગી શાળાની યાદીમાંની કોઈ શાળામાં ધોરણ-૯ માં પ્રવેશ મેળવેલ હોય તો નીચે મુજબ સ્કોલરશીપની રકમ મળવાપાત્ર થશે.

   **ધોરણ ૯ થી ૧૦ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૨૨,૦૦૦/**

   **ધોરણ ૧૧ થી ૧૨ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૨૫,૦૦૦/-**

6. જો કોઈ વિદ્યાર્થી આખરી મેરીટ યાદીમાં આવે અને ધોરણ-૯ માં પ્રવેશ મેળવી આગળનો અભ્યાસ ચાલુ ન રાખે તો આ યોજના અંતર્ગત આગળ લાભ મળવાપાત્ર રહેશે નહિ.
7. આ યોજના અંતર્ગત નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગર દ્વારા વખતોવખત સુચનાઓ મુકવામાં આવશે તથા વિદ્યાર્થીઓને આ બાબતે અવગત કરાવવા માટે તેઓના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર પર **SMS** કરી જાણ કરવામાં આવશે જેથી આ અંગે રજીસ્ટ્રેશન કરતી વખતે આપનો મોબાઇલ નંબર દર્શાવવાનો રહેશે. જેથી આ બાબતે આગળની કાર્યવાહીથી આપ અવગત રહો તથા સમયાંતરે **http//gssyguj.in** વેબસાઇટ ચકાસતાં રહેશો.